રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-:અખબારી યાદી:-

# રાજકોટ શહેરી વિસ્તારમાં કુદરતી રીતે ઘરે મૃત્યુ પામતા અને ૬૦ વર્ષથી વધુ ઉમર ધરાવતા લોકો માટે જરૂરી દાખલા અંગે કામ ચલાઉ વ્યવસ્થા ગોઠવતા વહીવટદાર કમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

*રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી સેન્ટ્રલ ઝોન ફાયર બ્રિગેડ શાખા ખાતે ખાસ વ્યવસ્થા: ફોન નંબર ૧૦૧ અથવા ૦૨૮૧-૨૨૨૭૨૨૨ પર સંપર્ક કરી શકાશે*

તારીખ: ૧૮-૧૨-૨૦૨૦

રાજકોટ શહેરી વિસ્તારોમાં ૬૦ વર્ષથી વધુ ઉમરના અને કુદરતી રીતે ઘરે મૃત્યુ પામેલ લોકોની નોંધ માટે લગત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ દ્વારા દાખલો કાઢી આપવામાં આવે છે. હાલ કોર્પોરેટરશ્રીઓની મુદ્દત પૂર્ણ થયેલ હોવાથી લોકોને મરણ નોંધ માટે જરૂરી દાખલો આપવાની સુવિધા કામ ચલાઉ ધોરણે સેન્ટ્રલ ઝોન કચેરીના ફાયર બ્રિગેડ શાખા ખાતે વહીવટદાર કમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વહીવટદાર કમ મ્યુનિ. કમિશનરશ્રી વધુ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ઝોન કચેરી ફાયર બ્રિગેડ શાખા ખાતે રાત્રીના ૦૮:૦૦ વાગ્યા થી સવાર ૦૮:૦૦ વાગ્યા સુધી આ પ્રમાણેની વ્યવસ્થા રાખવામાં આવી છે. જે માટે લોકો ફોન નંબર ૧૦૧ અથવા ૦૨૮૧-૨૨૨૭૨૨૨ પર સંપર્ક કરી શકશે. આ વ્યવસ્થા મમાત્ર અને માત્ર ૬૦ વર્ષથી વધુ ઉમર ધરાવતા અને કુદરતી રીતે ઘરે મૃત્યુ પામેલ મૃતકની મરણ નોંધણી માટે કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય શાખા દ્વારા મેડીકલ ટીમની પણ વ્યવસ્થા કરેલ છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા